SAURASHTRA UNIVERSITY

Accredited by NAAC
with 'A' Grade

| PHONE :- 0281 - 2576511 | EXT. NO. 761 - 771 | FAX :- 0281 - 2586411 |
|---|---|---|

**website** :- www.saurashtrauniversity.edu **e-mail id** :- exam05@sauuni.ac.in

<u>પરિપત્ર</u> ::-

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંચાલિત અનુસ્નાતક કેન્દ્રના મા.અધ્યક્ષશ્રી,યુનિવર્સિટી સંલગ્ન કોલેજના કાર્યરત અનુસ્નાતક કેન્દ્રના મા.પ્રોફેસર-ઇન-ચાર્જશ્રી તેમજ સંલગ્ન કોલેજના મા.આચાર્યશ્રી ને જણાવવાનું કે, આગામી માર્ચ / એપ્રીલ-૨૦૨૦ મા લેવાનાર ડિગ્રી કક્ષાની પરીક્ષામા નીચે દર્શાવેલ તમામ સુચનાઓનું સંપૂર્ણ પરિપાલન કરવાનું રહેશે. **( તબીબી, હોમિયોપેથી અને આર્કિટેક્ચર વિધાશાખાઓને લાગુ પડશે નહી.)**

૧. **આર્ટ્સ, વાણિજ્ય, વિજ્ઞાન, શિક્ષણ, ફાર્મસી, ગૃહવિજ્ઞાન, મેનેજમેન્ટ, રૂરલ સ્ટડીઝ, કાયદા અને પરફોર્મીંગ આર્ટ્સ વિધાશાખાઓની** પરીક્ષાઓમા જે વિધાર્થીઓ માર્ચ / એપ્રીલ-૨૦૨૦ ના તબક્કાઓમા ડિગ્રી કક્ષાઓની પરીક્ષા આપનાર હોય તેવા વિદ્યાર્થીઓએ ડિગ્રી કક્ષાની પરીક્ષાના ફોર્મ ભરતી વખતે **Apply Degree** ☑ ઉપર ટીક કરવાથી ડિગ્રી ફોર્મની ઓન લાઇન એન્ટ્રી થઇ જશે.

૨. નિયત કરેલ એન્ટ્રીની છેલ્લી તારીખ બાદ Consolidated Report (બીડાણ માં દર્શાવેલ વિગત મુજબ) પરીક્ષા વિભાગ - ૫ (પદવી) માં આપવાનો રહેશે.

૩. આ યુનિવર્સિટીની પદવી મેળવવા માટે ફી રૂ.૧૨૫/-નિયત કરવામાં આવેલ છે.

૪. વિધાર્થીઓના નામ-સરનામાંની માહિતીની એન્ટ્રી ઉપરોક્ત દર્શાવેલ વિગતેથી કોલેજ દ્વારા થનાર હોય તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી જે તે કોલેજની રહેશે. જે ભરાયેલ ફોર્મમાં દર્શાવેલ એડ્રેસના આધારે વિધાર્થીઓને પદવી પ્રમાણપત્રો યુનિવર્સિટી દ્વારા SPEED POST ના માધ્યમથી ડિસ્પેચ કરવામાં આવશે.

૫. ડિગ્રી કક્ષાની પરીક્ષાના પદવી પ્રમાણપત્ર **<u>Print Degree College Memo</u>** અને **<u>Students Wise Application Report</u>** લીસ્ટ પદવી વિભાગને ફરજીયાત આપવાનુ રહેશે જ્યારે મેન્યુઅલ પદવી ફોર્મ ભરીને કોલેજે પોતાની . પાસે કોલેજે રેકર્ડ સ્વરુપે રાખવાના રહેશે અને યુનિવર્સિટીને જયારે જરુરીયાત પડે ત્યારે કોલેજ દ્વારા યુનિવર્સિટીને જમા કરાવવાના રહેશે.

૬. જે કોઇ વિધાર્થીએ એક વખત Online પદવી ફોર્મ ફી ભરેલ હોય અને તે વિધાર્થી નાપાસ થયેલ હોય તેવા વિધાર્થીએ ફરીથી ઉપરોક્ત દર્શાવેલ વિગતેથી Online પદવી ફોર્મ ભરવાનું રહેશે.

૭. જે કોઇ જુના <u>રીપીટર વિદ્યાર્થીઓ</u> આગામી માર્ચ/એપ્રિલ -૨૦૨૦ માં લેવાનાર ડીગ્રી કક્ષાની પરીક્ષાના આવેદનપત્રો ભરવા માંગતા હોય તો તેવા વિધાર્થીની પદવી ફી જમા કરવામાં આવેલ હોય તો કોલેજ દ્વારા તેનો આધાર રજૂ કરવાનો રહેશે. અને જો પદવી ફી ન ભરેલ હોય તેવા વિધાર્થીઓએ પદવી ફી કેશ વિભાગમાં ફરજીયાત રૂબરુમાં જમા કરાવવાની રહેશે.

૮. નિયત કરેલ છેલ્લી તારીખ બાદ કરવામાં આવતી એન્ટ્રી સોફ્ટવેર પ્રોગામ સ્વીકારશે નહી જે ધ્યાને લેવા વિનંતી છે.

૯. કોલેજ દ્વારા એક વખત ફી ભર્યા પછી પરત મળી શક્શે નહી કે ભવિષ્યના હેતુ માટે અનામત રાખવામાં આવશે નહિ.

૧૦. પરીક્ષા ફોર્મ ભરવાની જે સમય મર્યાદા છે તે જે સમય મર્યાદામાં ડીગ્રી ફોર્મ ભરી શકાશે.

**<u>ઓનલાઈન એન્ટ્રી માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વેબસાઈટ</u>**

➢ **<u>www.saurashtrauniversity.co.in</u>** & **<u>www.saurashtrauniversity.edu</u>**

**પરીક્ષા નિયામક**

નં.પરીક્ષા-૫ / ૭૧ /૨૦૨૦
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.યુનિવર્સિટી કેમ્પસ.
યુનિવર્સિટી રોડ. રાજકોટ - ૩૬૦ ००૫.
તા. ૧૦-૦૧-૨૦૨૦

<u>નકલ સવિનય રવાના</u> ::

૧. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન માન્યતા પ્રાપ્ત સંસ્થાઓના માનનીય વડાઓ,
૨. માનનીય કુલપતિશ્રી/મા.કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી,સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટ
૩. વિભાગીય અધિકારીશ્રી પરીક્ષા વિભાગ -૧-૨-૩-૪-૫-૬-બાહ્ય –કોમ્પ્યુટર – ખાનગી